www.akilaindia.com
સવારે ચા, સાંજે
અકિલા
www.akilanews.com



# નડીયાદનાં સંતરામ મંદિર દ્વારા અનેરો સેવાયજ્ઞઃ સુરેન્દ્રનગર અને લખતરનાં પૂર પીડીતોને ૧૩૦૦૦ કીલો બાજરો અને ૨૦૦૦ પેકેટ સુખડીનું વિતરણ કરાયુંઃ બિહારનાં પૂરપીડીતોને વાસણની ૧૦૦૦ કીટ અને કપડાની ૧૧૦૦ કીટનું વિતરણઃ મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ. ૧૧ લાખ અપાયા

નડીયાદ,: નડીયાદના સુપ્રસિધ્ધ સેવાતીર્થ સંતરામ મંદિરના મહંત શ્રી રામદાસજી મહારાજશ્રીની આજ્ઞા પ્રેરણા, માર્ગદર્શન અને આશિર્વાદાથી સંતો અને સંતરામ ભકતવૃંદ નડીયાદ શહેર, જિલ્લામાં, રાજયમાં કે રાષ્ટ્રમાં કોઇપણ જગ્યાએ કુદરતી કે અન્ય આપત્તિના સમયે સદૈવ અસરગ્રસ્તોની મદદ અને સેવાર્થે ખડેપગે તૈયાર થઇ જાય છે.

તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લામાં પણ ભારે વરસાદને કારણે સુરેન્દ્રનગર અને લખતરમાં થવા પામેલી અતિવૃષ્ટિના કારણોસર અસરગ્રસ્તોને સહાય થવા અર્થે તા. ૨૧/૯/૨૦૦૮ના રોજ શ્રી સંતરામ મંદિરના મહંત શ્રીરામદાસજી મહારાજશ્રીની આજ્ઞાથી મંદિરના સંતશ્રી નિર્ગુણદાસજી મહારાજ તથા ભકત વૃંદે આ વિસ્તારની જાત માહિતી મેળવીને પ્રારંભમાં આ વિસ્તારમાં શ્રી સંતરામ મંદિરના ભકતોએ પહોંચી જઇને ૨૦૦૦ પેકેટ સુખડીનું વિતરણ કયું હતું ત્યારબાદ બીજા તબક્કામાં સુરેન્દ્રનગર અને લખતરના આસપાસના અસરગ્રસ્તો માટે ૧૩૦૦૦ કીલો બાજરી મોકલીને અસરગ્રસ્તોમાં વિતરણ કરવામાં આવ્યું હતું શ્રી સંતરામ મંદિરના આ સેવા યજ્ઞમાં ભકતવૃંદની સાથે જીલ્લા પંચાયતના વડાશ્રી ઝાલા અને અન્ય આગેવાનોએ સાથે રહીને સહયોગ આપ્યો હતો.

આ ઉપરાંત તાજેતરમાં બિહારમાં કોસી નદીના સૈલાબથી અસર પામેલા બિહારના પૂરપીડીતોને સાધન-સહાય તથા ગુજરાતમાં, ખેડા જીલ્લામાં તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિમાં સંતરામ મંદિરના મહંત શ્રી રામદાસજી મહારાજની પ્રેરણામાં ભકતવૃંદ દ્વારા યોજાયેલા રાહતયજ્ઞમાં સહાય થવા અર્થે પ.પૂ.શ્રી રામદાસજી મહારાજશ્રીએ બિહારના પૂરપીડિતોને સહાય અર્થે રાહત સામગ્રી મોકલીવામાં આવનાર હતી તેમાં સંતરામ મંદિર દ્વારા તૈયાર કરવામાં આવેલ સાધન-સામગ્રી તા. ૧૯મીના રોજ રાજયના શહેરી વિકાસ મંત્રી શ્રી નિતિનભાઇ પટેલએ નડીયાદના ધારાસભ્ય શ્રી પંકજભાઇ દેસાઇ, જિલ્લા કલેકટર શ્રી મોહમ્મદ શાહીદ અને સંતરામ ભકતવૃંદની હાજરીમાં રવાના કરાવી હતી.

બિહારના પૂરપીડિતો માટે સંતરામ મંદિર દ્વારા જે રાહતસામગ્રી મોકલી આપવામાં આવી છે તેમાં વાસણની ૧૦૦૦ કીટ આ કીટમાં ૩-થાળી, ૩-વાટકા, ૩-પ્યાલા, ૨- નાની-મોટી તપેલી, એક કડછો જયારે કપડાંની -૧૧૦૦ કીટ કે જેમાં ૨-ચોરસા, ૨-ચાદર અને એક ટુવાલ મૂકવામાં આવેલ છે તેનો અંદાજીત ખર્ચ રૂા. ૭ લાખ જેટલો થાય છે.

અત્રે એ પણ નોંધનીય છે કે, તાજેતરમાં નડીયાદ શહેરમાં પણ રાત્રિ દરમિયાન અને ગુરૂવારે પડેલ ભારે વરસાદના કારણોસર નડીઆદ શહેરના નિચાણવાળા વિસ્તારો સહિત નડીઆદના મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાઇ જવા પામ્યા હતા. ત્યારે સંતરામ મંદિરના મહંશ્રી રામદાસજી મહારાજશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ નડીઆદના અસરગ્રસ્ત વિસ્તારોમાં સવાર-સાંજ ભોજન પહોંચાડીને માનવતાનો સેવાયજ્ઞ આરંભ્યો હતો. આ ઉપરાંત નડીઆદના અસરગ્રસ્ત વિસ્તારો જેવાં કે ઈન્દિરાનગરી, વલિયારી માર્કેટ, ચકલાસી ભાગળ તેમજ અસરગ્રસ્ત વિસ્તારના ૧૦૦૦ કુટુંબોને સંતરામ મંદિરમાં ઉતારો આપીને મંદિરમાં પણ ભોજનની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત નડીઆદ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ હોસ્પિટલોમાં પણ દર્દીઓ સહિત દર્દીઓ સાથે રહેલા સગાસંબંધીઓને પણ મંદિર તરફથી ભોજન પુરૂં પાડવામાં આવ્યું હતું. આમ, સંતરામ મંદિર તરફથી છેલ્લા પાંચ દિવસો દરમિયાન ૨૫૦૦૦થી વધુને ભોજન પહોંચાડવામાં આવ્યું છે. અને હજુ પણ આ રાહત કામગીરી મંદિર તરફથી ચાલુ છે.

સંતરામ મંદિર નડીઆદના આ સેવાયજ્ઞમાં શ્રી સંતરામ ભકતવૃંદ, સંતરામ હોસ્ટેલના વિદ્યાર્થીઓ અને ટ્રેકટરના માલિકોએ પૂ. શ્રી રામદાસજી મહારાજશ્રીના માર્ગદર્શનમાં રહીને દિવસ-રાત સતત માનવતાના આ સેવાયજ્ઞમાં સહભાગી થયા હતાં.